પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
Whatsapp No.9712880678

વર્ષઃ૨૪, અંકઃ૧૯૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૭-૦૪-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 199 PRICE :-RS. 1.50 DATE : 17-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ‘કોરોનાના સાચા અને પારદર્શી આંકડા જાહેર કરો’, હાઈકોર્ટનો ગુજરાત સરકારને આદેશ

## લોકોને સરકાર પર એક પૈસાનો પણ ભરોસો નથી, તમે સેવક છો માલિક નહીં: હાઈકોર્ટ

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. તો બીજી તરફ ગુજરાત સરકારને જાણે કોઈ પડી જ ન હોય તે પ્રકારે સાવ નિષ્ક્રિય બની ગઈ છે. હોસ્પિટલોમાં જગ્યા નથી, કોઈ જગ્યાએ વેન્ટિલેટર ઉપલબ્ધ નથી, કોઈ પણ જગ્યાએ ઓક્સિજન કે યોગ્ય વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી. સરકાર સબ સલામત હોવાનાં દાવા કરી રહી છે. મૃત્યુઆંક અને પોઝિટિવ આવનારાઓની સંખ્યામાં ઢાંકપીછોડા કરી રહી છે. જો કે



લોકોમાં હવે ધીરે ધીરે જાગૃતિ આવી રહી છે. સરકારની નિષ્ફળતાઓ અંગે લોકોમાં રોષ અને આક્રોષ પણ જોવા મળી રહ્યો છે.

છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં રેકોર્ડતોડ કોરોનાના કેસો સામે આવી રહ્યા છે. જો કે હજુ પણ સાચા આંકડાઓ સામે ના આવી રહ્યા હોવાના આક્ષેપો સતત લાગતા રહ્યા છે. તો હવે કોરોનાના વધતા જતા કેસ મુદ્દે હાઈકોર્ટે રાજ્ય સરકારને હુકમ કર્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના કોરોનાના સાચા આંકડા જાહેર કરવા જણાવ્યું છે. સાચા અને પારદર્શિતાથી આંકડા જાહેર કરવા માટે ખુદ હાઈકોર્ટે હવે રાજ્ય સરકારને ટકોર કરવી પડી છે.

હાઈકોર્ટે કહ્યું કે, લોકોમાં વિશ્વાસ સંપાદિત થાય તે રીતે પારદર્શિતાથી સરકાર આંકડા જાહેર કરે. સાથે સાથે હાઈકોર્ટે કહ્યું છે કે, સરકારના જવાબદાર અધિકારી કે નેતા રોજ પ્રજાને કોરોનાની સ્થિતિ વિશે સાચી માહિતી જણાવે. હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધિ બાબતે રિયલ ટાઈમ સાચી માહિતી મળી રહે તેવુ વેબ પોર્ટલ રાજ્ય સરકાર બનાવે અને રાજ્ય સરકારના અંકુશમાં આ પોર્ટલ પર માહિતી ઉપલબ્ધ થાય. આ ઉપરાંત હાઈકોર્ટે ઓક્સિજન અને રેમડેસિવિરનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ થાય એ માટે પગલા લેવા સરકારને આદેશ આપ્યો છે.

૧૯ એપ્રિલ સુધીમાં આ વ્યવસ્થા સુનિશ્ચિત કરી કોર્ટને સોગંધનામા પર જણાવવાનો હાઈકોર્ટે હુકમ કર્યો છે. આગામી સુનાવણી ૨૦ એપ્રિલે થશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા રાજ્યમાં કોરોનાના વધતા સંક્રમણ, દર્દીઓને પડતી હાલાકી, દવાઓની અછતના મુદ્દે હાઈકોર્ટમાં સુઓમોટો રિટની અરજીમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયાની ખંડપીઠે સુનાવણીમાં રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢી નોંધ્યું છે કે, કોર્ટના નિર્દેશ અને સૂચનનો અમલ થયો ન હોવાથી કોરોનાની સુનામી આવી છે. ૧૫ અને ૧૬મી માર્ચથી સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે.

## રૂપાણી સરકારની અણઆવડતે ગુજરાત આજે રામ ભરોસે જીવી રહ્યું છે -કોંગ્રેસ

અમદાવાદ,

સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસ કહેર બનીને વર્તાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસોમાં રોજ રેકોર્ડબ્રેક વધારો જોવા મળી રહ્યો છે. એવામાં હવે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોનાકાળમાં લોકોને મદદ કરવા માટે તેમજ દર્દીઓને માહિતી આપવા માટે હેલ્પલાઈન નંબર ૯૦૯૯૯૦૨૨૫૫ શરૂ કર્યો છે. આ સાથે જ ગુજરાત કોંગ્રેસ અમદાવાદ તથા સુરતમાં કોંગ્રેસ કાર્યાલયોમાં ૫૦-૫૦ બેડના કોવિડ કેર



સેન્ટરો પણ શરૂ કરશે. જે માટે તેમણે સરકાર અને કમિશનર પાસે મંજૂરી માગી છે. સાથે જ ઈન્જેક્શનોનું કોંગ્રેસ દ્વારા મફત વિતરણ કરવાની તથા સરકાર દ્વારા શ્વેત પત્ર જાહેર કરવામાં આવી તેવી માગણી અમિત ચાવડાએ કરી છે.

રાજ્યમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે હોસ્પિટલોમાં બેડ ખૂટી પડ્યા છે. એવામાં હવે ગુજરાત કોંગ્રેસ દ્વારા સર્વપક્ષીય બેઠક બોલાવવા માટે સરકારને ભલામણ કરાઈ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ કરીને કે જાહેરાત કરી હતી કે, સુરત અને અમદાવાદમાં બે નવા કોવિડ કેર સેન્ટર શરૂ કરવા ભલામણ કરાઈ છે. અમદાવાદમાં પાલડી રાજીવ ગાંધી ભવન ચોથા માળે ૫૦ બેડ ઉભા કરવા કોંગ્રેસ તૈયાર છે.

તેમણે વધુમાં કહ્યું કે, માત્ર સરકાર મંજૂરી આપે કોંગ્રેસ તૈયાર છે. કોંગ્રેસે જિલ્લા કાર્યાલયમાં પણ કોવિડ કેર સેન્ટર ઉભા કરવા સરકાર ભલામણ કરી છે. સાથે તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ તમામ કાર્યલાય વિના મુલ્યે આપવા તૈયાર છે.’ ઈન્જેક્શન પર સી.આર પાટીલનું નામ લીધા વિના તેમણે કહ્યું કે, અમુક લોકો ઈન્જેક્શનો લઈ લોકોને દબાવી રહ્યા છે, અને પોતાનો રાજકીય લાભ પાર પાડી રહ્યા છે. કોંગ્રેસ પક્ષને ૧૦ હજાર ઈન્જક્શન આપવામાં આવે, કોંગ્રેસ ગામ ગામે સુધી નિઃશુલ્ક આ ઈન્જેક્શન હોસ્પિટલ અને કોવિડ કેર સેન્ટરો દ્વારા આપશે. સાથે જ અમે એન્ટીજન ટેસ્ટ માટે ડોમ બનાવવા માટે તૈયાર છીએ. કોંગ્રેસ ડોમને ખર્ચે ઉપાડવા તૈયાર છે. પોતાની પ્રેસ કોન્ફરન્સમાં અમિત ચાવડાએ વધુમાં કહ્યું કે, સરકાર કોરોનાના કેસનો આંકડો છુપાવાનો પ્રયાસ કરે છે. કેટલા બેડ ખાલી છે. કેટલી હોસ્પિટલ કોવિડ ડેઝિગ્નેટ છે તેની માહિતી સરકાર જાહેર કરે. સરકાર માત્ર ઉત્સવમાં વ્યસ્ત રહી છે. સમય હતો છતાં કોઈ નવું ઈન્ફાસ્ટ્રક્ચર ના ઉભું કરી શક્યા. ગુજરાત આજે રામ ભરોસે જીવી રહ્યું છે. હોસ્પિટલ પાસે બેડ નથી, સ્ટાફ નથી. ઈન્જેક્શન ગુજરાત બને છતાં અછત ઉભી થાય તે માનવામા આવતું નથી. ૨૭ લાખ ઈન્જક્શનનું પ્રોડક્શન થયું તો કેમ દર્દીઓ લાંબી લાઈન લગાવી.

તેમણે કહ્યું, ’ગુજરાતની જનતા ઈન્જેક્શન વલખા મારી રહી છે અને છતાં યુપી સહિત અન્ય રાજ્યમાં ઈન્જેક્શન મોકલવામા આવ્યા. હોસ્પિટલમાં ઓક્સિજનની પણ કાળાબજારી ચાલી રહી છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટના જસ્ટીટ મારફત તપાસ કરવો.’ સાથે જ તેમણે આગામી સમયમાં મહામારી ગંભીર બને તો સરકાર દ્વારા કોરોનાને રોકવા માટે કયા પ્રકારનું આગોતરું આયોજન કરાયું છે, તે વિશે લોકોને જાણ કરવા માટે શ્વેત પત્ર બહાર પાડવામાં આવે તેવી માંગણી કરી છે.

## સચિવાલયમાં કોરોનાનો ફફડાટ, અનેક અધિકારીઓ અને કર્મચારીઓ કોરોના સંક્રમિત

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોનાના સંક્રમણથી સ્થિતિ અતિગંભીર બની છે. કોરોનાકાળમાં ડોક્ટર્સ અને મેડિકલ સ્ટાફ સાથે પોલીસ ડિપાર્ટમેન્ટ તથા અન્ય સરકારી કર્મચારીઓ પણ કોરોના વોરિયર્સની ભૂમિકા ભજવી રહ્યાં છે. એવામાં સચિવાલય કેમ્પસમાં પણ અધિકારીઓ અને કર્મચારીઓ કોરોના સંક્રમિત આવી રહ્યા છે. ત્યારે ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના સેક્શન ઓફિસર હિતેશ પંડ્યાનું કોરોનાને કારણે અવસાન થયું છે. સચિવાલય કેમ્પસમાં માત્ર ત્રણ જ સપ્તાહમાં જીં, હ્અ.જીં સ્તરના આ પાંચમા અધિકારીનુ અવસાન છે. બીજી તરફ વિધાનસભા દંડકના કાર્યાલયમાં પણ કોરોનાના કેસ મળ્યા છે. જેમાં મુખ્ય દંડકના કાર્યાલયમાં ૩ લોકો કોરોના સંક્રમિત મળ્યા છે. ગાંધીનગર વિધાનસભામાં દંડકના કાર્યાલયમાં કોરોનાની એન્ટ્રી થઈ છે. મુખ્યદંડકના પટ્ટાવાળા અને પીએસ કોરોના સંક્રમિત મળી આવ્યા છે. હાલમાં પીએસને ગાંધીનગરથી નડીયાદની ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. હજુ બે દિવસ પહેલાં જ સહકાર વિભાગમાં નાયબ સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા ૨૬ વર્ષીય ચિરાગ સોલંકીનું કોરોનાથી અવસાન થયું હતું, જ્યારે ૬ દિવસ પહેલાં જ વડોદરા આર્મ્સ યુનિટમાં તહેનાત ડી.આઈ.જી. એમ.કે. નાયક (આઈપીએસ)નું કોરોનાથી સંક્રમિત થયા બાદ નિધન થયું હતું. ગુજરાતમાં કોરોના સંક્રમણને કારણેં જી અધિકારીનું મોત થયાની આ પ્રથમ ઘટના છે. ઓગસ્ટ ૨૦૨૦માં સરકાર દ્વારા ૫૮ેં જી અધિકારીની બદલી કરવામાં આવી હતી, જેમાં એમ. કે. નાયક ેં(જી)ને વડોદરાના આર્મ્સ યુનિટમાં મૂકવામાં આવ્યા હતા. ત્યાર બાદથી તેઓ ત્યાં ફરજ બજાવી રહ્યા હતા. એમ. કે. નાયક કોરોનાથી સંક્રમિત થયા બાદ અમદાવાદ ખાતેની સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલમાં ગત ૩૧મી માર્ચથી દાખલ હતા અને સારવાર દરમિયાન ૧૨મા દિવસે તેમનું મોત નીપજ્યું હતું. રાજ્યમાં મંત્રીઓ તથા ધારાસભ્યો કોરોના સંક્રમિત આવી રહ્યા હતા. હવે મુખ્યમંત્રી કાર્યાલયમાં બેસતા નાયબ માહિતી નિયામક ઉદયભાઈ વૈષ્ણવ તથા મુખ્યમંત્રી સલામતીના ડીવાયએસપી અને ડ્રાઈવર કોરોના સંક્રમિત મળી આવ્યા છે. વીઆઈપીની સુરક્ષામાં તહેનાત ૧૭ જવાનો પણ કોરોના સંક્રમિત આવ્યા છે, જ્યારે આરોગ્યમંત્રીના કાર્યાલયમાં પણ કોરોનાનો પગપેસારો થયો છે, જ્યાં ત્રણ લોકો સંક્રમિત થયા છે.

## રાજ્ય શાળા સંચાલક મંડળનો CMને પત્ર, રાહત પેકેજ આપવા કરી માંગ

અમદાવાદ,

અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે મુખ્યપ્રધાન રૂપાણીને પત્ર લખીને સરકાર દ્વારા રાહત પેકેજ આપવામાં આવે તેવી માંગ કરી છે. શાળા સંચાલક મંડળનું કહેવું છે કે, ‘કોરોનાને કારણે છેલ્લાં એક વર્ષથી સ્કૂલો બંધ છે. તદુપરાંત સરકારે ફીમાં ૨૫ ટકાનો ઘટાડો કર્યો છે. જેના કારણે શાળાના કર્મચારીઓના પગાર તેમજ શાળાના લોનના હપ્તા સહિત અન્ય ખર્ચા ચૂકવવામાં શાળાઓને મુશ્કેલી પડી રહી છે. આથી સરકાર દ્વારા શાળાઓને રાહત પેકેજ આપવામાં આવે.’

ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈને રાજયના શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે તથા ધોરણ ૧થી ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની પણ જાહેરાત કરી છે. સતત બીજા વર્ષે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયું હોય તેવી આ પ્રથમ ઘટના છે.

## કોરોનાથી વર્લ્ડ ઈકોનોમી ધ્વસ્ત તો ચીનની GDPમાં ૧૮ ટકાનો રેકોર્ડ વધારો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ મહામારીના કારણે દુનિયાભરની અર્થવ્યવસ્થા પડી ભાંગી છે, તો ચીને માર્ચના પહેલા ક્વાર્ટરમાં રેકોર્ડ ૧૮.૩ ટકાનો રેકોર્ડ GDP ગ્રોથ હાંસલ કરી સૌ કોઈને ચોંકાવી દીધા છે. કહેવામાં આવી રહ્યું છે કે નિકાસ અને ઘરેલૂ બજારમાં સારી માગ અને સરકાર દ્વારા સતત નાના વેપારીઓને સહયોગના કારણે આ રેકોર્ડ વધારો થયો છે.




જોકે, આ વધારો બેસ ઈફેક્ટનું પરિણામ પણ લાગે છે, કારણ કે ચીને અન્ય દેશો પહેલા જ અમુક શહેરોમાં લોકડાઉન જેવા ઉપાયો કર્યા હતા અને તે કોરોનાનો સામનો કરવામાં સૌથી આગળ રહ્યો છે.ચીનમાં તેના કારણે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૦ના ક્વાર્ટરમાં GDP માં ૬.૮ ટકાનો ભારે ઘટાડો આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કોરોના સંકટના કારણે ગયા વર્ષે ચીનની ઈકોનોમીમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો હતો, એટલું જ નહીં ભારત સહિત દુનિયાના ઘણાં દેશોની અર્થવ્યવસ્થાઓમાં મંદીનો સિલસિલો ચાલી રહ્યો હતો. ભારતે ગયા વર્ષે જૂનમાં ૨૩.૯ ટકાનો રેકોર્ડ GDP ઘટાડો જોયો હતો. ભારતીય ઈકોનોમીમાં સુધારો તો થયો છે પણ ડિસેમ્બર ૨૦૨૦ના ક્વાર્ટરમાં ભારતની GDP માત્ર ૦.૪ ટકા વધી છે. આ પ્રમાણે ચીનનો આ વધારો ચોંકાવનારો છે.

ચીન સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડામાં કહેવામાં આવ્યું છે કે માર્ચ ૨૦૨૧ના થર્ડ ક્વાર્ટરમાં GDP ૧૮.૩ ટકા વધી છે. જે ચીન દ્વારા ૧૯૯૨માં રેકોર્ડ થનારી GDPના ઈતિહાસમાં અત્યાર સુધીનો મોટો વધારો છે. ચીનમાં જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનો નાણાકીય વર્ષ હોય છે તો તે પ્રમાણે આ પહેલા ક્વાર્ટરનો આંકડો છે. ગયા વર્ષે ડિસેમ્બર ના ક્વાર્ટરમાં ચીનની GDP માં ૬.૫ ટકાનો વધારો થયો હતો.

ચીનના આ વધારા પાછળ એક મોટું કારણ ત્યાંના નિકાસમાં જે તેજી આવી તેનો વધારો પણ છે. દુનિયાના બાકી દેશોમાં જ્યારે ઈકોનોમી ખુલવાની શરૂ થઈ તો ચીનના કારખાનામાં ઝડપથી ઉત્પાદન કરી માલ પૂરો પાડવામાં આવ્યો. ચીનમાં કોરોના પર કાબૂ હોવાના કારણે ઘરેલૂ બજારમાં પણ માગ વધી. માર્ચ ૨૦૨૧ના થર્ડ ક્વાર્ટરમાં છૂટક વેચાણમાં ૩૪.૨ ટકાનો વધારો થયો છે.

## તુગલાકી લોકડાઉન લગાવો અને ઘંટી વગાડો આ છે મોદીની રણનીતિ : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ સમગ્ર દેશમાં કાળો કહેર વસાવી રહ્યો છે. આજે સતત બીજા દિવસે દેશમાં કોરોના વાયરસના ૨ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે અને આ રીતે છેલ્લાં ૩૭ દિવસથી કોરોના ચેપ વધવાની પ્રક્રિયા ચાલુ છે. જે ગતિથી કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે, આવામાં ફરી એકવાર લોકડાઉનની શક્યતા દેખાઈ રહી છે. દરમિયાન, કોરોના અંગે કેન્દ્ર સરકારની વ્યૂહરચના કડક છે અને તેણે કોરોના સામેના યુદ્ધમાં સરકારની વ્યૂહરચના શું છે તે ત્રણ પગલામાં જણાવ્યું છે.

રાહુલ ગાંધીએ શુક્રવારે ટ્વિટ કરીને કેન્દ્ર સરકારની કોરોના વ્યૂહરચનાની ઝાટકણી કાઢતા કહ્યું કે કેન્દ્ર સરકાર પાસે ત્રણ વ્યૂહરચના છે. પ્રથમ- તુગલાકી લોકડાઉન મૂકો. બીજું- ઘંટ વગાડો અને ત્રીજો- ભગવાનના ગુણો ગાવો. આપને જણાવી દઈએ કે રાહુલ ગાંધી કોરોના સાથેના વ્યવહારમાં કેન્દ્ર સરકારની નીતિઓ પ્રત્યે ખૂબ આક્રમક રહ્યા છે.

આ અગાઉ કોંગ્રેસના પૂર્વ



અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુરુવારે કોરોના વાયરસના ચેપના કેસમાં થયેલા વધારાને લઈને સરકાર પર નિશાન સાધ્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે જરૂરી તબીબી સુવિધાઓના અભાવ વચ્ચે રસીની ઉજવણી એક દગાબાજી છે. તેમણે ટ્વીટ કર્યું, ‘કોઈ ટેસ્ટ નહીં, હોસ્પિટલમાં બેડ નહીં, વેન્ટિલેટર નહીં, ઓક્સિજન નહીં પપ, રસી પણ નહીં, ફક્ત એક ઉત્સવનો ઢોંગ. પીએમ કેયર્સ ...?’

દેશમાં કોરોના વાયરસના ૨૧૬,૮૫૦ નવા કેસ નોંધાયા છે અને આ દરમિયાન ૧૧૮૩ લોકોનાં મોત નીપજ્યાં છે. રોગચાળો શરૂ થયા પછી એક જ દિવસમાં જોવા મળેલા આ નવા કોરોના ચેપની સંખ્યા સૌથી વધુ છે. કોરોનાની બીજી તરંગ હવે પ્રથમ તરંગને વટાવી ગઈ છે. ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા વધીને ૧૪૨૮૭૭૪૦ થઈ છે. કોરોનાથી પીડિત લોકો માટે રીકવરી દર વધુ ઘટીને ૮૯.૫૧ ટકા થયો છે.

## સરકારે હિમાચલ પ્રદેશ પાસેથી ૨૫૦ વેન્ટિલેટર પાછા માંગ્યા, ગુજરાત-મહારાષ્ટ્રને અપાશે

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાના હાહાકાર વચ્ચે કેન્દ્ર સરકારે હિમાચલ પ્રદેશને આપેલા વેન્ટિલેટરમાંથી ૨૫૦ વેન્ટિલેર પાછા માંગ્યા છે.

છેલ્લા એક વર્ષમાં કોરોનાના પગલે હિમાચલ પ્રદેશને કેન્દ્રના આરોગ્ય મંત્રાલય તરફથી ૫૦૦ વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા. જોકે કોરોનાની પહેલી લહેરમાં હિમાચલ પ્રદેશમાં બહુ ઓછી અસર જોવા મળી હતી. બે મહિના પહેલા જ સરકારે બીજા ૨૫૦ વેન્ટિલેટર હિમાચલ પ્રદેશને



આપ્યા હતા.

આ ૨૫૦ વેન્ટિલેટર સરકારે પાછા માંગ્યા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે પાછા મંગાયેલા વેન્ટિલેટ દિલ્હી, ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોને અપાશે. જ્યાં કોરોનાએ વધારે વિકરાળ સ્વરુપ ધારણ કરેલુ છે. જોકે હિમાચલ પ્રદેશમાં પણ કોરોનાનો કહેર તો છે જ ત્યારે આ વેન્ટિલેટર પાછા જવાથી અહીંયા વેન્ટિલેટરની અછત સર્જાય તેવો પણ ડર છે.

કારણકે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩૦૦ જેટલા લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. જોકે અન્ય રાજ્યો કરતા આ સંખ્યા બહુ ઓછી છે. આમ છતા બીજી લહેરના કારણે ગમે ત્યારે કોરોનાના દર્દીઓની સંખ્યા વધી શકે છે તેવો ડર યથાવત છે.

## ૪૨ લાખના MD ડ્રગ્સ સાથે ત્રણ નાઈજીરિયનની ધરપકડ

મુંબઈ,

નાલાસોપારા પૂર્વમાં મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ વેચવા આવેલા ત્રણ નાઈજીરિયનને તુલિંજ પોલીસે ઝડપી પાડ્યા હતા. તુલિંજ પોલીસ સ્ટેશનના પીઆઈ રાજેન્દ્ર કાંબળેને માહિતી મળી હતી કે નાલાસોપારા પૂર્વમાં ૯૦ ફૂટ રોડ પર પ્રગતિનગરમાં નાઈજીરિયનો ડ્રગ્સ



વેચવા માટે આવવાના છે. આથી પોલીસની ટીમે સોમવારે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવ્યું હતું. દરમિયાન એ સ્થળે ત્રણ નાઈજીરિયન આવતાં પોલીસે તેમને તાબામાં લીધા હતા. ત્રણેયની ઝડતી લેવામાં આવતાં તેમની પાસેથી રૂ. ૪૨ લાખની કિંમતનું એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. ત્રણેય જણે ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે અહીં આવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

## ગુજરાતથી મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં બસો જવા પર પ્રતિબંધ

અમદાવાદ,

મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જતી તમામ બસો તંત્ર દ્વારા હંગામી ધોરણે બંધ કરવાનો નિર્ણય લીધો છે જ્યારે રાજસ્થાન જતી બસોમાં ૫૦ ટકાનો કાપ મુકવામાં આવ્યો છે. મહત્વનું છે કે, કોરોનાની બીજી લહેર રોજબરોજ ખતરનાક સાબિત થતી જાય છે. તો સમગ્ર દેશમાં મહારાષ્ટ્રમાં સ્થિતિ વધુ વણસેલી છે ત્યારે આ પરિસ્થિતિને જોતા તંત્ર દ્વારા બસો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મોટાભાગના લોકો એક સ્થળેથી અન્ય સ્થળે જવા માટે ST બસનો ઉપોયગ કરતા હોય છે. પરંતુ કોવિડ મહામારીને કારણે બસો બંધ કરવામાં આવી હતી, જો કે, કોવિડ સંક્રમણ ઘટના બસો ફરી શરૂ કરવામાં આવેલ પરંતુ કોરોનાની બીકને લીધો લોકો બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. આ જ કારણોસર બસ સ્ટેશન પર પ્રવાસીઓની સંખ્યા પણ ઘટી છે અને STની આવકમાં પણ ઘટાડો થયો છે. ત્યારે હવે ૨ રાજ્યોમાં બસો બંધ કરવામાં આવતા GSRTCને વધુ નુકસાન થશે.

રાજકોટમાં કોરોનાની બીજી લહેર સૌ કોઈ માટે ઘાતક બની રહી છે. તો રાજકોટ એસ.ટી પોર્ટમાં આજે ૬૭ મુસાફરો કોરોનાગ્રસ્ત હોવાનું સામે આવ્યું હતું. જે બાદ એસ.ટી બસ પોર્ટમાં મુસાફરોની અવરજવર ઓછી થઈ ગઈ છે. અને એસ.ટી બસની ૪૫૦ જેટલી ટ્રીપ રદ્દ કરવાનો નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા પ્રમાણે રાજ્યમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૮,૧૫૨ કેસ નોંધાયા છે તો ૮૧ લોકોની મોત છેલ્લા ૨૪ કલાકમાં નોંધાઈ છે. અને ૩,૦૨૩ દર્દીઓ સાજા થયાં છે. આ સાથે જ અત્યાર સુધીમાં ૩૨,૬૩૯૪ દર્દીઓ કોરોના મુક્ત થયાં છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા રણછોડભાઈ માનસીંગ
મુ. માડામહુડી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.


- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી સાર્વજનીક પ્રા. મંડળ
મુ. કોટડા, તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં આજે ૬૦ પોઝિટિવ કેસ નોંધાયા




**મહીસાગર જીલ્લામાં કોરોનાના કેસ**

બાલાસીનોર-૧૧
કડાણા- ૧૧
ખાનપુર-૦૮
લુણાવાડા-૦૯
સંતરામપુર-૧૩
વિરપુર-૦૮

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૯ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૫ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૦૩૨ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૫૫૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૦ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૬૯૪૬૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૮૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૮૧ દર્દી હોમ આઇસોલેશન, ૫૬ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૩૧ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૨૭ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૪૯ દર્દીઓ સ્ટેબલ અને ૭૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૬ વેન્ટીલેટર પર છે.


# સંતરામપુરમાં દેશી ઈંગ્લિશ દારૂ ના અડ્ડાઓ બંધ કરાશે ખરી ?

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ગુજરાત સરકાર દ્વારા માસ્ક વગર જોવાતા વ્યક્તિઓ પાસેથી ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલ કરવાનો નક્કી કર્યું છે પરંતુ ગુજરાતના ગાંધીમાં બે ફોર્મ દેશી ઈંગ્લીશ દારૂનો વેપાર પૂરજોશમાં જોવા મળી રહ્યો છે કાયદો બધા માટે સરખો હોવો જોઈએ પરંતુ સંતરામપુર પોલીસ સામાન્ય વ્યક્તિ માસ્ક વગર જોવા જાય તો તેને પીછો કરીને પણ ૧૦૦૦ શું કરે છે સંતરામપુર પોલીસ સામાન્ય વ્યક્તિઓ પર દબાણ અને કાયદો અને નિયમો બતાવે છે પરંતુ સંતરામપુરમાં રોજ નવાઘરા ગામેથી દેશી દારૂ કાર્બો ભરીને મોટરસાયકલ ઉપર રોજ હેરાફેરી થતી હોય છે પોલીસ તેમના પર કેમ કાર્યવાહી કરતી નથી સંતરામપુરમાં દેશી ઈંગ્લીશ એક્ટીવા પર ચલાવો ભરીને દારૂની હેરાફેરી થતી હોય છે સંતરામપુર પોલીસ કેમ કાર્યવાહી કરતી નથી કાયદો નિયમો બધા માટે સરખો હોય છે પરંતુ સંતરામપુર પોલીસ સામાન્ય નાગરિક અને સામાન્ય વ્યક્તિ ઉપર જ ળફતવિંગર જોવાતા તેના પર કાર્યવાહી અને દંડ વસુલ કરવામાં આવે છે પરંતુ સંતરામપુરમાં દેશી ઈંગ્લીશ ના અડાવો ચાલી રહેલા છે શંખેશ્વર રાઈસ ની પાછળ ગજા સિનેમાની સામે ટાવર રોડ બગીચામાં વાગડિયા વાસ નરસિંગપુર બાયપાસ પાસે પ્રાંત કચેરી પાસે આ દરેક સ્થળો ઉપર દેશી ઈંગ્લીશ દારૂનું વેચાણ થાય છે ખરું સંતરામપુર પોલીસ રેડ કરશે ખરી બંધ કરાવશે સંતરામપુર નગરના નાગરિકો પૂછી રહ્યા છે કાયદો બધા માટે સરખો હોવો જોઈએ.

# સંતરામપુર પાલિકા દ્વારા નકકી સમય પ્રમાણે દુકાનો બંધ ન કરાતાં ૧૦ દુકાનો સીલ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઘણા સમયથી કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ક્યારે નગરપાલિકા દ્વારા અને વેપારી એસોસિયેશન દ્વારા ૦૮:૦૦ થી બપોરના ત્રણ કલાક સુધી દુકાન ખુલ્લી રાખવાની જાહેરાત કરી હતી પરંતુ સંતરામપુરના વેપારીઓ તેનો અમલ કરતા નથી નગરપાલિકા દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસર દિલીપ હટિલા અને કર્મચારી સઘન પેટ્રોલિંગ કરવામાં આવેલ હતું. ચેકિંગ દરમિયાન માં ૧૦ જેટલા વેપારીઓએ નિયમોનું પાલન કરતા કરતા તેમના ઉપર કાયદેસરની કાર્યવાહી અને દુકાનો સીલ કરવામાં આવેલી હતી કાપડની દુકાન પડિયા પતરાળા બુટ ચપ્પલ અલગ અલગ વિસ્તારોમાં લુણાવાડા રોડ બજારમાં ગોધરા ભાગોળ દરેક જગ્યાએ ચેકિંગ દરમિયાન અંદાજે નગરપાલિકા દસ દુકાનો સીલ કરી હતી કાયદો અને નિયમો નું પાલન ના ના કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ફરજિયાત સરકારના નિયમ મુજબ સેનીટાઈઝર સોશિયલ ડીસ્ટન્સ ભીડ ભેગી કરવી નહીં આવા બધા નિયમો બનાવેલા છે તેમ છતાંય નિયમ તોડીને વેપારીઓ નિયમ તૂટશે તો કાયદેસરની કાર્યવાહી કરવાની નગરપાલિકાના ચીફ ઓફિસર દિલીપ હટિલા સાહેબ કાર્યવાહી કરવા માટે કામગીરી હાથ ધરી હતી.



**કડાણા તાલુકાના માછી ના નાનોદરા ગામ મકાનમાં આકસ્મિક આગ કોઈ જાનહાની થઈ નથી કડાણા તાલુકાના માછી ના નાદર ગામે મકાનમાં આકસ્મિક આગ લાગી હતી ઘરવખરી સામાન બળીને ખાખ થઈ ગયો હતો આગ લાગવાથી આજુબાજુના ગ્રામજનો દોડી આવ્યા હતા પાણીનો છંટકાવ કરીને આગને બુઝાવવામાં આવેલી હતી પરંતુ ઘરનું ગમન સાધન સામગ્રી બળીને ખાખ થઈ ગયું હતું**

# લુણાવાડા સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર એન્દ્રા ખાતે રકતદાન કેમ્પ યોજાયો


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોરોના વાયરસની બીજી લહેર માં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેવા સમયે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્યણ તંત્ર દ્વારા જિલાઅમાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એસ. બી. શાહની રાહબરીમાં સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર એન્દ્રા ખાતે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલના ડો.ભાવસાર તેમજ મેડિકલ ઓફિસર ડો.શૈલી પટેલ, અને તેમની આરોગ્ય ટીમ, રેડક્રોસ સોસાયટી લુણાવાડાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઈ ગયો.

એન્દ્રા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૨ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રક્તદાન કેમ્પમાં ૧૨ બ્લડ યુનીટનું કલેકશન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યું હતું.

આ રકતદાન કેમ્પા દરમિયાન રકતદાતાઓને માસ્કં પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પધ્ધીતિઓ અપનાવવા અને યોગ-વ્યાસયામ ઇત્યારદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# વરધરી ખાતે નાગરિકોના ૩૨ જેટલા RTPCR અને ૧૮ રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા



લુણાવાડા,
ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોના વાયરસની બીજી લહેર માં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે મહિસાગર જિલ્લાના નાગરિકોને સુરક્ષિત રાખવા જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી ના નેતૃત્વ અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બની કોરોના સંક્રમણ ને નિયંત્રણમાં રાખવા માટે ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મૂક્યો છે જેના માટે આરોગ્ય તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી કોરોના સંક્રમણ ને નિયંત્રણમાં લેવાના પ્રયાસો કરી રહ્યા છે.

હાલના આ મહામારીના સમયમાં કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે.ત્યારે નાગરિકોમાં કોરોના વાયરસની પરિસ્થિતિ થી વાકેફ કરી તેમનામાં ગંભીરતા આવે અને જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુસર ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મુકી લુણાવાડા તાલુકાના વરધરી ગામે પ્રાથમિક આરોગ્યગ કેન્દ્રવ અને ધન્વંતરી રથના સંયુકત પ્રત્યનો થી મેડિકલ ઓફિસરઓ અને તેમની આરોગ્ય ટીમ દ્વારા વરધરી ગામે ૩૨ જેટલા RTPCR અને ૧૮ રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

આમ, જિલ્લોના આરોગ્યિ તંત્રના તમામ આરોગ્યા કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટોન્સીંગ, માસ્કરની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે તેમજ માસ્ક, પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને કોવીડ-૧૯ ની ગાઇડલાઇન નું ચુસ્તપણે પાલન કરવા સમજ આપવામાં આવી હતી.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

**કાલોલ શહેર અને તાલુકામાં છેલ્લા એક મહિનાથી વધતા જતા કોરોના સંક્રમણને રોકવા માટે શુક્રવારે પાલિકા ભવન ખાતે પાલિકા પ્રમુખ શેફાલીબેન ઉપાધ્યાય, ઉપપ્રમુખ નારાયણભાઈ કાછીયા, ચીફ ઓફિસર એમ એ સોલંકી અને સ્થાનિક પીએસઆઈ એમ કે માલવીયાના નેતૃત્વમાં સ્થાનિક વેપારીઓની બેઠક મળી હતી જેમાં મોટાભાગના વેપારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં વધતા જતા કોરોના સંક્રમણની દહેશતને પગલે પાલિકાએ વેપારીઓને સોશ્યિલ ડિસ્ટન્સ, સેનેટાઈઝ અને ફરજિયાત માસ્ક અંગે સાવચેતી રાખવા ઉપરાંત સોમવારથી બપોરના ૪ કલાકથી બજારો બંધ કરી દેવા અને દર મંગળવારે બજાર સંપૂર્ણ બંધ રાખવા માટે સર્વ સંમતિનો નિર્ણય લીધો હતો. સાંજે ચાર વાગ્યા પછી બજારમાં જે પણ દુકાન ખુલ્લી જોવા મળે એ દુકાનદાર કે વેપારી સામે પોલીસ કાર્યવાહી કરવાની છૂટ આપી હતી. આમ કાલોલ નગરમાં સોમવારથી આંશિક લોકડાઉન કરવા માટે તમામ વેપારીઓ સંમત થયા હતા. જોકે આ આંશિક લોકડાઉન સામે અમુક વેપારીઓની ગેરહાજરી વર્તાતી હતી તેમ છતાં સુપર સ્પેડર એવા શાકભાજી અને ફળોની લારીવાળા, ફેરિયાઓ પણ આંશિક બંધ માટે સહમત અને સહકાર આપે તેવો અનુરોધ કરાયો હતો.**

# કોરોનાએ મચાવ્યો હાહાકાર: કલાકમાં ૨.૧૬ લાખ નવા કેસ



ન્યુ દિલ્હી,
દેશમાં કોરોનાવાયરસથી પરિસ્થિતિને સતત ખરાબ થતી જઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં રેકોર્ડ ૨ લાખ ૧૬ હજાર ૬૪૨ કેસ નોંધાયા છે. ગયા વર્ષે સંક્રમણની શરૂઆતથી અત્યારસુધીમાં આ આંકડો એક દિવસમાં સૌથી વધુ નોંધાયેલા કેસનો છે. આ દરમિયાન ૧ લાખ ૧૭ હજાર ૮૨૫ લોકો પણ સ્વસ્થ થયા, જ્યારે ૧૧૮૨ દર્દીનાં મોત થયાં હતાં.

ભારતમાં અમેરિકા કરતાં પણ ખરાબ સ્થિતિ થઈ રહી હોવાનું આંકડાં દર્શાવે છે. ભારતને એક લાખ કેસમાંથી બે લાખ કેસ સુધી પહોંચતા માત્ર ૧૦ દિવસ થયા હતા. તેની સામે અમેરિકાને એક લાખ કેસમાંથી બે લાખ કેસ સુધી પહોંચતા ૨૦ દિવસનો સમય લાગ્યો હતો. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા પણ ૧૫ લાખને પાર થઈ ગઈ છે. હવે અહીં ૧૫ લાખ ૬૩ હજાર ૫૮૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આના દ્વારા તમે દેશમાં કોરોનાના કહેરનું અનુમાન પણ લગાવી શકો છો. એવું કહેવામાં આવે છે કે વિશ્વના ટોપ-૨૦ સંક્રમિત શહેરોની યાદીમાં ભારતનાં ૧૫ શહેરોનો સમાવેશ થાય છે. પુણે આ યાદીમાં ટોપ પર છે, જ્યારે મુંબઈ બીજા નંબરે છે. સ્થિતિ એવી એ છે કે દેશના ૧૨૦ જેટલા જિલ્લાઓમાં બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર જેવી સુવિધાઓની અછત પડી રહી છે.

દેશમાં સૌથી વધુ ૬૧,૬૯૫ નવા દર્દીઓ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ઉત્તરપ્રદેશ બીજા નંબરે રહ્યું. અહીં ૨૨,૩૩૯ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. દિલ્હીમાં ૧૬,૬૯૯, છત્તીસગઢમાં ૧૫,૨૫૬, કર્ણાટકમાં ૧૪,૭૩૮ અને મધ્યપ્રદેશમાં ૧૦,૧૬૬ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં ૬૧,૬૯૫ નવા દર્દી મળી આવ્યા હતા. ૫૩,૩૩૫ દર્દી સ્વસ્થ થયા અને ૩૪૯ લોકો મૃત્યુ પામ્યા. રાજયમાં અત્યારસુધીમાં ૩૬.૩૯ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૨૯.૫૯ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫૯,૧૫૩ મૃત્યુ પામ્યા છે. હાલમાં અહીં લગભગ ૬.૨૦ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશમાં ૨૨,૩૩૯ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૪,૨૨૨ લોકો સાજા થયા અને ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૭.૬૬ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૬.૨૭ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૯,૪૮૦ દર્દી મૃત્યુ પામ્યા હતા. ૧.૨૯ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે.

દિલ્હીમાં ૧૬,૬૯૯ લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. ૧૩,૦૧૪ લોકો સ્વસ્થ થયા અને ૧૧૨ લોકો મૃત્યુ પામ્યા. અહીં અત્યારસુધીમાં ૭.૮૪ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૭.૧૮ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૧૧,૬૫૨ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અહીં ૫૪,૩૦૯ દર્દી સારવાર લઈ રહ્યા છે.

છત્તીસગઢમાં ૧૫,૨૫૬ લોકો કોરોના પોઝિટિવ મળ્યા હતા. આ દરમિયાન ૯,૬૪૩ લોકો સાજા થયા અને ૧૦૫ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં ૧.૨૧ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૩.૭૪ લાખ લોકો સાજા થયા છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૪૪૨ પર પહોંચી ગયો છે.

મધ્યપ્રદેશમાં ૧૦,૧૬૬ લોકોને કોરોના સંક્રમણ લાગ્યું હતું. ૩,૯૭૦ લોકો સાજા થયા અને ૫૩ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૩.૭૩ લાખ લોકો મહામારીની ઝપેટ આવી ચૂક્યા છે, તેમાંથી ૩.૧૩ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૪,૩૬૫ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો. ૫૫,૬૯૪ દર્દી સારવાર લઈ રહ્યા છે.

ગુજરાતમાં કોરોનાના ૮,૧૫૨ કેસ નોંધાયા હતા. ૩,૦૨૩ લોકો સ્વસ્થ થયા અને ૮૧ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૩.૭૫ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩.૨૬ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૦૭૬ દર્દી મૃત્યુ પામ્યા હતા. અહીં ૪૪,૨૯૮ દર્દી સારવાર લઈ રહ્યા છે.

# મોદીએ કરી હાઈલેવલ બેઠક, ઑક્સીજનનું ઉત્પાદન વધારવા આપી સલાહ



ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે ત્યારે કેટલાય મોટા શહેરોમાં ઑક્સીજન ઓછું થવાની સમસ્યા ઊભી થઈ છે. રાજ્યો દ્વારા કેન્દ્ર સરકારથી માંગ કરવામાં આવી રહી છે ત્યારે આજે પીએમ મોદીએ હાઈલેવલ બેઠક કરીને સમીક્ષા કરી હતી.

વડાપ્રધાન મોદીના કાર્યાલય દ્વારા જાણકારી આપવામાં આવી કે દેશમાં પર્યાપ્ત મેડિકલ ગ્રેસ ઑક્સીજનની આપૂર્તિને સુનિશ્ચિત કરવા માટે પીએમ મોદીએ સમીક્ષા બેઠક કરી છે. આ બેઠકમાં સ્વાસ્થ, DPIIT, સ્ટલ, સડક પરિવહન જેવા મંત્રાલયો દવા ઈનપુટ આપવામાં આવ્યા જેમાં મંત્રાલયો અને રાજ્ય સરકારો વચ્ચે તાલમેલ કરવા પર ભાર આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ આ બેઠકમાં કોરોના વાયરસથી પ્રભાવિત ૧૨ રાજ્યોમાં આગામી ૧૫ દિવસ સુધી ઑક્સીજનને સંબંધિત સમીક્ષા કરી હતી. પીએમ મોદીએ ઑક્સીજનનું ઉત્પાદન વધારવા માટે સલાહ આપી છે તથા ઑક્સીજન લઈ જતાં ટેક્રો આખા દેશમાં કોઈ પણ બાધા વગર જઈ શકે તે પણ સુનિશ્ચિત કરવામાં આવે. પીએમ મોદીએ દરેક પ્લાન્ટમાં ઑક્સીજનની ક્ષમતાને વધારવા માટે આદેશ આપ્યા છે. સ્ટીલ પ્લાન્ટના ઑક્સીજનને મેડિકલ માટે આપવા મુદ્દે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પીએમ મોદીને જાણકારી આપવામાં આવી હતી કે ઑક્સીજનના ટેક્રને ૨૪ કલાક ચલાવવા માટે આદેશ આપવામાં આવ્યા છે તથા ઑક્સીજનને સિલિન્ડરમાં ભરતા પ્લાન્ટને પણ ૨૪ કલાક ચાલુ રાખવા માટે આદેશ આપવામાં આવ્યા છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૭-૦૪-૨૦૨૧, શુક્રવાર, ફાગણ સુદ-૫, સૂર્યોદય-૬-૨૦, સૂર્યાસ્ત-૬-૫૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.) , નક્ષત્રઃ અશ્વિની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# દૈનિક રાશીફળ

**તા.૧૭.૦૪.૨૦૨૧ શનિવાર**

મેષ : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ છે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે.
વૃષભ : જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.
મિથુન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો ચાલશે.
કર્ક : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. વિરોધી હેરાન કરી શકે છે.
સિંહ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. સત્સંગ થશે.
કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.
તુલા : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.
વૃશ્ચિક : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે.
ધન : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે.
મકર : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ રહેશે. માન-સન્માન પ્રાપ્ત થશે.
કુંભ : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.
મીન : મિત્ર સહયોગ નહીં કરે. વેપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે. વધુ ખર્ચ ન કરવો.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા જીલ્લાવાસીઓ ચિંતામાં મુકાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં સતત ત્રણ દિવસથી કોરોના નો આકડો રેકોર્ડ બ્રેક ગતિએ આગળ વધી રહ્યો છે. પરમ દિવસે ૪૫ ગઈકાલે રેકોર્ડ બ્રેક ૭૪ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા હતા. ત્યારે આજે ૬૭ કેસો નોંધાતા જિલ્લામાં દિન–પ્રતિદિન કોરોના નો આકડો કેર વર્તાવી રહ્યો છે જેને પગલે આરોગ્ય તંત્રમાં તેમ જ જિલ્લાવાસીઓમાં ચિંતાનો માહોલ અસલી જવા પામ્યો છે અને આજે આરોગ્ય વિભાગના ઈન્ચાર્જ અધિકારી નો પણ પોઝિટિવ રિપોર્ટ આવતા આરોગ્ય તંત્રમાં કપડાં ફેલાઈ જવા પામ્યો છે અને આ ઈન્ચાર્જ અધિકારી હાલ સોલ્યુશન માં હોવાનું જાણવા મળી રહ્યું છે આજના ૬૭ કોરોના પોઝિટિવ કેસો સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૩૭૫૧ ને આંબી ગયો છે. આજે વધુ ૦૩ કોરોના



દર્દીઓએ પણ પોતાનો દમ તોડી મૃત્યુને ભેટ્યાં હતાં.

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ આજે તમામ સિમા પાર કરી નાંખી છે. ગત વર્ષે જેટલા કેસો સામે નથી આવ્યા તેના કરતા બે ઘણા કેસો વધીને આ વર્ષે સામે આવી રહ્યા છે અને આ એક ચિંતાનો વિષય પણ છે. ગત વર્ષનું પરિસ્થિતિ કરતા આ વર્ષની પરિસ્થિતિ અત્યંત ગંભીર હોવાનું પણ કહેવાય રહ્યું છે. દાહોદ જિલ્લામાં કોરોના પોતાનું વિકરાળ રૂપ ધારણ કરી રહ્યું છે. આજે એકજ દિવસમાં ૬૭ પોઝીટીવ કેસો નોંધાતાં જિલ્લાવાસીઓ સહિત દાહોદ જિલ્લા આરોગ્ય તંત્રમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારો સહિત શહેરી વિસ્તારોમાં લગ્નસરાની સીઝન પુરજોશમાં ચાલી રહી છે ત્યારે લગ્ન પ્રસંગોમાં સરેઆમ સોશીયડલ ડિસ્ટન્સના ભંગના કેસો સહિત માસ્ક વગર ફરતાં લોકો રોજેરોજે જિલ્લામાં ફરતાં જોવા મળી રહ્યાં છે. આ એક ગંભીર બાબત છે. કોરોનાએ હવે લગભગ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પગપેસારો કરી લીધો છે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય કારણ કે, ગ્રામીણ વિસ્તારોમાંથી કુદકને ફુસકે કોરોનાના કેસો સામે આવી રહ્યાં છે. આ એક ચિંતાનો વિષય પણ છે ત્યારે આજે આવેલ ૭૪ કેસો પૈકી આર.ટી.પી.સી.આર.ના ૯૩૮ પૈકી ૪૬ અને રેપીટ ટેસ્ટના ૧૯૧૬ પૈકી ૨૧ કેસોનો સમાવેશ થાય છે જેમાંથી દાહોદ અર્બન વિસ્તારમાંથી ૧૦, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૪, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૫, લીમખેડામાંથી ૦૯, સીંગવડમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૯, ધાનપુરમાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૬ અને સંજેલીમાંથી ૦૨ કેસો નોંધાયાં છે. આજે ૦૩ દર્દીઓ કોરોનાથી પોતાનો જીવ ગુમાવતાં દાહોદ જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૧૪૦ને પાર પહોંચી ગયો છે. વધતાં કેસોની સામે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. દાહોદની સરકારી હોસ્પિટલ હાઉસ ફુલ થઈ ગઈ છે. બેડની સંખ્યા વધારવામાં આવે તેવી લાગણી અને માંગણીઓ પણ ઉઠવા પામી છે. એક્ટીવ કેસોની સંખ્યા વધીને ૩૮૩ને આંબી ગઈ છે. જિલ્લાવાસીઓ માટે રાહતના સમાચાર એ પણ છે કે, આજે ૨૮ લોકો કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી હતી ત્યારે દિનપ્રતિદિન વધતાં કોરોના સંક્રમણના પગલે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્રની કામગીરીમાં વધારો જોવા મળી રહ્યો છે. ઠેર ઠેર સેનેટરાઈઝર સહિતની કામગીરીમાં આરોગ્ય તંત્રના સેનાનીઓ જોતરાઈ ગયાં છે.

## દાહોદના કતવારા ગામમાં ૧૦ દિવસનું સ્વૈચ્છિક લોકડાઉન સાથે બજારો સુમશાન બન્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં વધતા કોરોના સંક્રમણ ના કેસો ને લઈ અને તેમાંય હાલ ગ્રામીણ વિસ્તારમાં કોરોના વધુ વકરી રહ્યો છે. ત્યારે દાહોદ તાલુકાના કતવારા ગ્રામ પંચાયત દ્વારા ૧૦ દિવસનો સ્વૈચ્છિક લોકડાઉનના સાથે કતવારાના બજારો સુમસામ ભાસી રહ્યા છે. એક તરફ કોરોના મહામારી ત્યારે બીજી તરફ લગ્નસરાની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે અને તેમાંય દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રોજે રોજ અસંખ્ય લગ્ન પ્રસંગો તેમજ તેમના વિધિમાં લોકો ઉમટી પડે છે ત્યારે સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ માત્ર ૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં પ્રસંગ સહિતની ઉજવણી કરવામાં આવશે તેવા આદેશો સાથે હાલ દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને ૫૦થી વધુ વ્યક્તિઓ ની ઉપસ્થિતિ જોવાતા કાયદેસરની કાર્યવાહી પણ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે ખાસ કરીને ત્યારે દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના કર્યો છે અને જેને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતામાં મૂકાયાં છે ત્યારે અગાઉ કેટલીક ગ્રામ પંચાયત દ્વારા સ્વૈચ્છિક લોક્ડાઉનનો નિર્ણય કર્યો ત્યારે દાહોદ તાલુકાના કતવારા ગ્રામ પંચાયત દ્વારા દસ દિવસના લોક ડાઉનલોડ નિર્ણય કરવામાં આવ્યો છે જેમાં ગ્રામ પંચાયત હિમાલા, ટીમરડા, રાછરડા દિન ૦૭ લોકડાઉન, તાલુકા વિકાસ અધિકારી દાહોદ દ્વારા અને કતવારા પી.એસ.આઇ તેમજ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી દાહોદ આજરોજ ગ્રામ પંચાયત કતવારા, ટીમરડા, હિમાલા, રાછરડામાં પી.એસ.સી. મુલાકાત લઈ અને સ્વેચ્છિક લોકડાઉન અંગે ગ્રામ પંચાયત સરપંચ તેમજ ગ્રામજનો અને વેપારી મંડળને સમજૂત કરતા કતવારા ગ્રામ પંચાયતમાં દિન દસ સુધી લોકડાઉન અને કતવારા હિમાલા રાછરડામા ૦૭ દિવસ સુધીનું લોકડાઉન રાખવામાં આવ્યું છે.

### ઝાલોદના વાંકોલ ગામે બોલેરો ગાડીમાં આવેલ ચાર ઈસમો

## ખાણખનિજ અધિકારીની ઓળખ આપી રોકડ, ફોન અને રેતી ભરેલ ડમ્પર મળી ૫ લાખની લુંટ કરી ફરાર

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના વાંકોલ ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં એક બોલેરો ગાડીમાં સવાર થઈને આવેલા ચાર અજાણ્યા લૂટારૂઓએ પોતાની ઓળખ ખાણ ખનીજ અધિકારીઓની આપી ત્યાથી પસાર થઈ રહેલ એક રેતીના ડમ્પરના ચાલક પાસેથી રોકડા રૂપિયા મોબાઈલ ફોન તેમજ રેતી ભરેલ ડમ્પર મળી કુલ રૂપિયા ૫,૦૯,૪૦૦ મુદ્દામાલ લૂંટી લઈ જઈ ફરાર થઈ જતાં જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તારીખ ૧૨ મી એપ્રિલના રોજ ઝાલોદ તાલુકાના સુથારવાસા ગામે મોજાઈ ફળિયામાં રહેતા રાજેશભાઈ છગનભાઈ મુનિયા પોતાના કબજાના ડમ્પરમાં રેતી ભરી વાંકોલ ગામેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ત્યાં ચાર જેટલા અજાણ્યા વ્યક્તિઓ બોલેરો ગાડીમાં સવાર થઈ આવ્યા હતા અને રાજેશભાઈના ડમ્ફરને ઓવરટેક મારી ડમ્પરને ઉભું રખાવી હતું અને રેતીની રોયલ્ટીની માંગણી કરી હતી અને આ દરમિયાન અજાણ્યા ઈસમોએ રાજેશભાઈનો હાથ પકડી ડમ્પરમાંથી નીચે ઉતારી દીધા હતા અને તેઓના ખિસ્સામાંથી ૨ મોબાઈલ ફોન, ચાંદીનું ભોરયુ તથા પાંચ લાખની કિંમતનું ડમ્પર થોડે દુર લઈ ગઈ રાજેશભાઈને રસ્તામાં ઉતારી દીધા હતા અને ડમ્ફર તેમજ ઉપરોક્ત મુદ્દામાલ લૂંટી લઈ ફરાર થઈ જતાં આ સંબંધે લૂંટનો ભોગ બનેલ રાજેશભાઈ છગનભાઈ મુનિયા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ૦૪ જણાના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## દે.બારીઆના રાણીવાવ ડુંગરાણ ફળીયામાં ૩.૪૨ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

દે.બારીઆ,

દાહોદ જીલ્લાના દે.બારીઆ શહેરના બસ સ્ટેન્ડના સામે ધર્મશાળા પાછળનો વિસ્તાર રાણીવાવ ફળીયામાં રહેણાક મકાન માંથી પોલીસે રૂ.૩,૪૨,૨૮૫/ – પ્રોહી જથ્થો કબજે લઈ ફરાર બુટલેગર વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. આ વિસ્તારમાં દારૂના અડ્ડા તો ઘણા સમય થી ચાલે છે. પરંતુ દે.બારીઆ પોલીસને હપ્તો પહોંચ્યો નહિ હોય તો પોલીસે બાતમીનો હવાલો આપી આધાર બતાવીને ગત તા.૧૩/૪/૨૧ના એપ્રિલના રોજ દે.બારીઆ શહેરના રાણીવાવ વિસ્તારમાં રહેતા રાહુલકુમાર દિલીપભાઈ ડામોરનો રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડના કહેવાય પણ મોટા બુટલેગરોને છાવરવા માટે અને તેમનો ધંધો વધારે થાય તે માટે આવા નાના બુટલેગરને રેડ પાડતા રાહુલ પોલીસને જોઈ નાશી જવા સફળ રહ્યો હતો. પોલીસે તેના મકાનમાંથી બીયર બોટલો નંગ–૨૮૪ કિમતના રૂ.૩,૪૨,૨૮૫/–નો પ્રોહિબીશન ગુનો નોંધી આગળની તપાસ કરવાની બાકી છે. તો આ તપાસ આખા શહેરમાં કઈ કઈ જગ્યા એ કવાટરીયા વેચાણ થાય છે. સરદાર પોલીસ ચોકીના ૨૦૦ મીટરમાં પણ દારૂનું વેચાણ થાય છે. કોની રહેમ નજરે થાય છે. તે ઉચ્ચ અધિકારીને બાતમી નહિ મળતી હોય તે યક્ષ પ્રશ્ન છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ રાણીવાવનો બુટલેગર દિવસે પોતાના ઘર આંગણે કવાટરીયાનું વેચાણ કરતો હતો અને મહિલા અને યુવતિઓની અવરજવર હોવા છતાં બે ખોફ થઈને કવારટરીયાનું વેચાણ કરતા ખચકાતો ન હતો. આ બધું હપ્તા પદ્ધતિના કારણે શકય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

## દે.બારીઆ કાપડી પ્રા.શાળાના આચાર્યનું દુઃખદ નિધન


દે.બારીઆ,

દે.બારીઆના કાપડી વિસ્તારમાં કાપડી પ્રા.શાળા આવેલ છે. જેના આચાર્ય મજીતભાઈ શેખનું દુઃખદ નિધન થયું છે. તા.૧૫/૪/૨૧ના ગુરુવારે તેમનું અચાનક નિધન થતા વિશાળ શિક્ષક આલમમાં ગેહરાશોકનું વાતાવરણ પ્રસરી જવા પામ્યો હતો. તેમના પાર્થીવ શરીરને અંતિમક્રિયા કરવા માટે તેમના માદરે વતન લઈ જવાયા હતા. મળતી માહિતી અનુસાર કાપડી પ્રા.શાળા એક આશાસ્પદ યુવા આચાર્ય મજીતભાઈ શેખ આફાની દુનિયાને અલવીદા કરી જન્નત નસીન થયા છે. તેમણે કોરોના વેકસીન પણ લીધી હતી તે શિક્ષકોમા ચર્ચાઈ રહ્યું છે. તેમજ મળતી અંદરના સુત્રો અનુસાર જીલ્લા અને તાલુકાની ચુંટણી પ્રક્રિયામાં શિક્ષકોને કોરોના સંક્રમણના ભરડામાં આવ્યા હતા. મીડીયામાં પણ અહેવાલ પ્રસિદ્ધ થયા હતા. જેમાં પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષકો સામેલ હતા. તેમના ટેસ્ટ લેવા માટે જીલ્લા ચુંટણી અધિકારીઓ વિશે સંગ્યાન લઈને ટેસ્ટના આદેશ જારી કરવા રહયા મજીતભાઈના નિધનના ચોક્કસ કારણો જાણવા મળેલા નથી. પરંતુ તેમને વેન્ટીલેશન ઓકસીજન કમી મહેસુસ થઈ રહી હતી. તેમજ સુગરના પણ મરીઝ હતા. તો તેમને સુગર વધી તો નથી ગઈ તરેહ તરેહના અટકળોનો બજાર ગરમ થઈ રહ્યો છે.

## કોરોનાના દર્દીઓની ગંભીર સ્થિતિ અને અકાળ મૃત્યુના કારણ-નિવારણ વિશે વિગતે જણાવે છે ડો.કમલેશ નિનામા

દાહોદ,

કોરોના સંક્રમણના કસોમાં મોટી સંખ્યામાં આવી રહ્યાં છે સાથે મોટી સંખ્યામાં દર્દીઓને ગંભીર હાલત પણ થતી જોવા મળી રહી છે અને ખૂબ ગંભીર દર્દીઓ અકાળે મૃત્યુ પણ પામી રહ્યાં છે. કોરોનામાં દર્દીની ગંભીર હાલત ન થાય અને મૃત્યુ જેવી સ્થિતિનો સામનો ન કરવો પડે એ માટે શું કરી શકાય એ વિશે દાહોદના ઝાયડસ ખાતેના કોવીડ હોસ્પીટલના નોડલ ઓફિસર ડો. કમલેશ નિનામા વિગતે માહિતી આપી છે. ડો. નિનામા ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ ખાતે છેલ્લા વર્ષથી સતત કોવીડ દર્દીઓની સારવારમાં લાગેલા છે. તેમની વાત તેમના શબ્દોમાં અત્રે પ્રસ્તૃત છે.



ડો. કમલેશ નિનામા જણાવે છે કે, હું ડો. કમલેશ નિનામા આજે આપની સમક્ષ એક મહત્વની વાત મુકવા માગું છું. કોરોનાના કેસો વધી રહ્યાં છે અને ઘણાં દર્દીઓની સ્થિતિ ગંભીર થતા મૃત્યુનાં કિસ્સા પણ નોંધાઈ રહ્યાં છે. આવી પરિસ્થિતિ ન સર્જાય એ માટે આપણે શું સાવચેતી રાખવી જોઈએ તેની વાત હું કરીશ. સૌપ્રથમ તો વ્યકિતમાં કોરોનાના કોઈ પણ લક્ષણ જણાય તો વહેલામાં વહેલી તકે ટેસ્ટ–તપાસ કરાવી સારવાર લઈ લેવી જોઈએ. દર્દીની ગંભીર સ્થિતિ ત્યારે થાય છે જયારે તે દવાખાને મોડેથી તપાસ માટે આવે છે. ખાંસી, શરદી, તાવની તકલીફ હોય તેમ છતાં દર્દી સહન કરે અને દર્દી મોડું કરીને અઠવાડીયે–દસ દિવસે દવાખાને આવે તો એનો જે દવાનો સમયગાળો હોય છે તે પણ વીતી ગયો હોય છે. એટલે જે દવા આપીએ તેની અસર પણ ઓછી થતી હોય છે.

ખાસ કરીને બ્લડપ્રેસર, ડાયાબિટિશ, હૃદય રોગ, ફેફસા કે કિડનીની તકલીફ હોય એવા દર્દીઓને જો થોડા ઘણા પણ કોરોનાના લક્ષણ જણાતા હોય તો તાત્કાલિક કોરોનાની તપાસ કરાવી, યોગ્ય ડોક્ટર જોડે સારવાર–સલાહ લેવી જોઈએ. ઘણાં દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોય છે તેમનું ચાર–પાંચ દિવસે ઓક્સીજન લેવલ ઘટતું હોય છે. તો આવા દર્દીઓ નિયમિત રીતે ઓક્સીજનનું લેવલ ખાસ તપાસવું જોઈએ. ઓક્સીજન લેવલ સામાન્ય છે એ તપાસવા આપણે છ મિનિટ સામાન્ય સ્પીડે ચાલીને ઓક્સીજન લેવલ તપાસવું જોઈએ.

બીજી મહત્વની વાત એ પણ છે કે ઓક્સીજન લેવલ ન ઘટે એ માટે આપણે જાતે શ્વાસની કસરતો પણ કરવી જોઈએ. સામાન્ય રીતે તકલીફ ન પડતી હોય પરંતુ ચાલીએ ત્યારે તકલીફ પડતી હોય અને ઓક્સીજન ઓછું જણાતું હોય તો પણ ડોક્ટરની સલાહ લેવી જોઈએ. પોતાના આવા લક્ષણો પ્રત્યે ઉપેક્ષા ન રાખવી જોઈએ. જેટલી જલ્દી આપણે આ લક્ષણોને સમજીને સારવાર લઈશું એટલી જ વધુ શકયતા છે કે ગંભીર સ્થિતિને નિવારી શકીશું. જેટલે મોડેથી દવાખાને તપાસ માટે આવીશું એટલી જ સ્થિતિ વધુ ગંભીર થતી જશે. એટલે મારી સૌને વિનંતી છે કે, કોરોનાના નાનામાં નાના લક્ષણોની પણ ઉપેક્ષા ન કરવી જોઈએ અને વહેલામાં વહેલા ટેસ્ટ, નિદાન અને સારવાર કરવામાં આવશે તો કોરોનાની ગંભીર સ્થિતિથી બચી શકીશું.

## ત્રીજા ધોરણમાં ભણતી સ્વરા ભાવિન કોરોના સામે સાવચેતીના પાઠ શીખવી રહી છે, ચાલો શીખીએ

દાહોદ,

સ્વરા કહે છે કે, મારા વ્હાલા ભાઈઓ અને બહેનો, કેમ છો બધા ? મજામાં ને. અત્યારે કોરોના મહામારીનો ખૂબ ડર લાગે છે નહી ? પણ તેમાં તો સાવધાન રહેવાનું છે ડરવાનું થોડી છે ભઈ. તમે પૂછશો કે સાવધાન રહેવાનું એટલે શું, તો સાંભળો. હમણાં આખા દેશમાં કોરોના સંક્રમણ ખૂબ ફેલાઈ રહ્યું છે, જેમ કે વરસાદ પહેલા ધૂળ ઉડાડતું તોફાન આવે ને તેમ. આવા તોફાનમાં આપણે ઘરે રહીએ છીએ ને. આપણે ખૂબ જ જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળીએ. બહાર જઈએ તો બીજા માણસથી સામાજિક અંતર એટલે કે છથી સાતા ફૂટનું અંતર જાળવીએ. સારી ગુણવત્તાવાળું માસ્ક પહેરીએ. હાથને સેનિટાઈઝ કરીએ અને સાબુથી ધોઈએ. અને હા, તમને શરદી, ખાંસી, તાવ આવે કે માથું દુખે, શરીરમાં કળતર થાય, ઝાડા થઈ જાય તો તરત ડોક્ટર પાસે બતાવીએ. જો તમારી ઉંમર ૪૫ વર્ષથી વધુ હોય તો તમે વેક્સિન ચોક્કસ મુકાવી લો. બસ આટલું કરવાથી તમે કોરોના મહામારી સામે બચી શકો છો. સમજયા કે નહી. એટલે હવે કોરોના મહામારીથી ડરવા જેવું કંઈ નહી રહે. પોતે સ્વસ્થ રહો અને બીજાને પણ સ્વસ્થ રહેવામાં મદદ કરો.

## દાહોદ જિલ્લાના ઈન.આરોગ્ય અધિકારી ફરીથી કોરોના ગ્રસ્ત થતાં ફફડાટ

દાહોદ,

ગત જૂનમાં સંક્રમિત થતાં ફેંફસામાં ગંભીર અસરથી લાંબી સારવાર લેવી પડી હતી દોઢ માસ પહેલા વેક્સનના બે ડોઝ પૂર્ણ કરવા છતાં કોરોનાનો ચેપ ફરીથી લાગ્યો. દાહોદ જિલ્લામાં કોરોના વકરી ચુક્યો છે. સરકારી અને આરોગ્ય કર્મીઓ પણ તેનો ભોગ બની રહ્યા છે. ત્યારે જિલ્લાના ઈન્ચાર્જ એડીએચઓ બીજી વખત કોરના સંક્રમિત થતાં સમગ્ર જિલ્લામાં ફફડાટ ફેલાઈ ગયો છે. કારણ કે તેઓએ વેક્સિનના સમયસર બે ડોઝ પણ લઈ લીધા હતા. હાલ તેઓ હોમ આઈસોલેશનમાં છે.

દાહોદ જિલ્લામાં ગઈકાલે જ ઓલ ટાઈમ હાઈ કોરોનાના ૭૪ કેસ નોંધાતા હવે તમામની ઉંઘ હરામ થઈ ગઈ છે. કોરોના વોરિયર્સ પણ મોટી સંખ્યામાં સંક્રમિત થઈ રહ્યા છે. તેમ છતાં કોરોના સામેનો જંગ તો જારી જ છે. દાહોદ જિલ્લાના કેટલાયે સરકારી કર્મચારીઓ કોરોનામાં સપડાયેલા છે. ત્યારે આજે સવારે આરોગ્ય અને વહીવટી તંત્ર માટે આંચકાજનક સમાચાર સામે આવ્યા છે.

### કોરોના સામેના દ્વિતીય જંગમાં ફરીથી સંક્રમિત થયા

વેક્સિન આવી જતાં તેઓએ પ્રથમ ડોઝ જાન્યુઆરીમાં મુકાવી દીધો હતો. તેના ૨૮ દિવસ બાદ માર્ચની શરુઆતમાં તેઓએ બીજો ડોઝ પણ લઈ લીધો હતો.હાલ જિલ્લામાં કાયમી સીડીએચઓ મુકાઈ જતાં હાલ તેઓ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીનો હવાલો સંભાળી રહ્યા છે. ત્યારે તેઓ કોરોના સામેના દ્વિતીય જંગમાં ફરીથી સંક્રમિત થયા છે. હાલ તેઓ હોમ આઈસોલેશનમાં જ સારવાર લઈ રહ્યા છે. તેઓને એક જ દીકરી છે જે હાલ અમેરિકામાં અભ્યાસ કરે છે અને તેમના ધર્મપત્ની સાથે દાહોદમાં જ રહે છે. દાહોદ જિલ્લામાં આરોગ્ય અધિકારીઓની અછત વર્તાઈ રહી છે. કારણ કે સીડીએચઓ જ કાયમી છે. આરસીએચઓ પણ ડેપ્યુટેશન પર મુકાયેલા છે. એડીએચઓ, રોગચાળા નિયંત્રણ અધિકારી તેમજ ક્વાલીટી મેડીકલ ઓફિસરની જગ્યા ખાલી છે. તેવા સમયે જ જિલ્લામાં કોરોના જંગના સૌથી અનુભવી યોધ્ધા ફરીથી કોરોનાને કારણે ઈજાગ્રસ્ત થતાં કોરોના સેનાએ ફરીથી લાકડાની તલવારે જંગ લડવાનો વારો આવ્યો છે. ડો.આર.ડી.પહાડીયાએ ટેલીફોનીક સંદેશમાં જણાવ્યુ હતુ કે, કોરોના વાઈરસ જ એવો છે. રસી મુકાવી એટલે કોરોના નહી થાય તેવુ નથી પરંતુ તેની સામે લડવાની તાકાત બમણી થઈ જશે. જેથી એક વાર કોરોના થયો હોય, વેક્સિન લીધી હોય તો પણ માસ્ક પહેરવુ, સોશ્યિલ ડિસ્ટન્સ રાખવુ, વારંવાર હાથ ધોવા ફરજીયાત છે, તેમજ ભીડમાં ન જવુ હિતાાવહ છે.

### RTPCR રિપોર્ટ કરાવતા સંક્રમિત થયા હોવાનું સાબિત થયુ

જેમાં દાહોદ જિલ્લાના ઈન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.ડી. પહાડીયાનો આરટીપીસીઆર રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમણે પહેલા રેપીડ એન્ટિજન ટેસ્ટ કરાવ્યો પરંતુ તે નેગેટિવ આવ્યો હતો. જેથી તેમણે આરટીપીસીઆર રિપોર્ટ કરાવતા તેઓ કોરોના સંક્રમિત થયા હોવાનુ સાબિત થયુ છે. ડો.આર.ડી.પહાડીયા ગય જૂન માસમાં જ્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીનો હવાલો સંભાળતા હતા ત્યારે ખરા કોરોના કાળમાં તેઓ સંકેરમિત થયા હતા. તે વેળાએ તેમણે દાહોદ અને ત્યાર બાદ વડોદરા મુકામે સારવાર લીધી હતી. તે સમયે તેમના ફેફસામાં વધારે પડતુ ઈન્ફેકશન થતાં લાંબી સારવાર લેવી પડી હતી પરંતુ તેઓ સ્વસ્થ થતાં તેઓએ ફરીથી ફરજ પર આવીને કોરોના જંગનુ સુકાન સંભાળી લીધુ હતુ.

## તરાવીહ

તરાવીહની વીસ રકાતો છે અને એ સ્ત્રી–પુરૂષ સૌને માટે સુન્નતે મો અકકેદા છે. જેનું છોડી દેવું જોઈએ નથી. તરાવીહમાં એક્વાર કુર્આન શરીફ ખત્મ કરવુ સુન્નતે મો એકકેદા છે. બેવાર પુરુ કરવામાં ફલીત છે. અને ત્રણવાર ખત્મ કરવું સર્વોત્તમ છે. તરાવહી પછી વિત્રની નમાઝ જમાઅત સાથે પઠવામાં આવે છે. પણ જેણે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી નથી. એ વિત્રની નમાઝ જમાઅત સાથે પઢી શકતો નથી. તરાવીહની વીસ રકાતો દર સલામ થી પઠવામાં આવે છે. આ દુઆ પઢવી જોઈએ સુલ્હા–નઝિલ મુલ્કે પલ મલફ્ત સુલ્હાક–નઝિલ ઈજજતે વલ સઝમતે વલ હયબ તેવલ કુદરતે વલ કિબરીયા એ વલ જ બરૂત સુલ્હા નલ મલેકિલ હૈચિલ્લઝીલ યનામો વલ યમૂત સુલુહુન કુદ–દુસુન રબ્બુ નવ રબ્બુલ મલા એકતિ વર્રુહ અલ્લાહુમ–મ અજિર–ન નિનનારે યા મુજિરો યા મુજિરો યામુજિર ખ્વાઝા ફરીદુલ્હક કુદ્સ સિર્રહુ તરાવીહની વીસ રકાત પછી બે રકાઅતમાં કુર્આન શરીફ ખતમ કરતા હતા. વર્ષો સુધી એમનો આ અમલ રહ્યો રિવાયત છે કે જયારે રોજેદારો ઈફતાર કરે છે. ત્યારે અલ્લાહનું ફરમાન થાય છે. મે એહલે બૈતની સાથે સાથ સાથ એમને પણ જહન્નમ માંથી નજાત બખ્શી ખુદા કરે આપણે આ મુબારક મહિનામાં જીભને જીબત અને નિંદાથી બચાવીએ, જૂઠ ન બોલીએ દિલને ઈર્ષા અને કીનાથી સુરક્ષીત રાખીએ, ખૈરાત અને સદકો પુષ્કળ પ્રમાણમાં કરીએ આ મહિનાની મહાન રાત્રી એ બેદરકારન રહીએ અને અલ્લાહના યાદમાં રચ્યાપચ્યા રહીએ જૈથી શબે કદ્રની બરકત થી વંચિત રહી ન જવા ન પામીએ.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

## કોઈપણ હાલતમાં અલ્લાની યાદ થી (નમાઝ થી ગાફીલ) રહેવું જોઈએ નહિ

હઝરત ઈમામે હુસૈન ર.દી.અન્હો ઉપર જાલીમો એ જેટલા જુલ્મો કર્યા આપે તેટલા જ ધૈર્ય, સબ્ર, શુદ્ર અને અડગતા બતાવ્યા હર હાલમાં આપે હકની હીમાયત કરી અને હંમેશા અલ્લાહની યાદમાં મગન રહ્યા ખુદાને પળવાર પણ ભૂલ્યા નહી જીવની અંતિમ પળોમાં આપનું શરીર દરેક જગ્યા એ થી કાફી જખ્મો થી ચુર હતું. એ સમયે પણ આપને નમાઝનો ખ્યાલ રહ્યો નમાઝની હાલતમાં જ આપે શહાદતનો જામ પીધો ઈમામે આણી મકામની આ અજોડ શહાદત એ લોકો માટે એવો સબક આપી રહી છે કે જે લોકો તગડા તાજાને સાજા નરવા હોવા છતાં નમાઝ નથી પડતા અને શરીઅતના એટકામની પાબંદી નથી કરતા તેઓ ક્યા મોંઢે ઈમામે આલી મકામની મોહબ્બતનો દમ ભરી શકે છો આપણે ઈમામે આલી મકામના મહાન જીવને એક આદર્શ તરીકે હંમેશા આપણી સમક્ષ રાખવું જોઈએ અને આપના નકશે કદમ પર ચાલવું જોઈએ હકની હિમાયત કરવા માટે બાતીલ સામે બાથ ભીડવી જોઈએ અને અલ્લાહની યાદમાં કોઈપણ હાલતમાં ગાફિલ ન થવું જોઈએ.

**તા.૧૭/૪/૨૧ ચાંદ-૪ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૫૦ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૦ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

## કાલોલ તાલુકાના રોયણ ગામે ગોમા નદીમાં રેતી ભરેલ ટ્રેકટર અને બાઈકને આગ

કાલોલ,

કાલોલ તાલુકાના ચલાલી આવેલ રોયણ ગામની ગોમા નદીના પટમાં રેતી ભરેલ ટ્રેકટર અને બાઈકનો સળગતો વિડીયો વાયરલ થયો છે. કાલોલ તાલુકામાં ગોમા નદી સહિતના વિસ્તારોમાં ખનિજ માફિયાઓના આતંકની ગવાહી પુરી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

**- સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ.**
**-કાલોલ પંથકમાં ખનિજ માફિયાઓના આતંકની ગવાહી આપતો આ વિડીયો.**

કાલોલ પંથકમાં ખનિજ માફિયાઓ બેખોફ બનીને ખનિજ ચોરી કરીને સરકારી તીજોરીને કરોડો રૂપીયાનું નુકશાન કરતા હોય છે. પરંતુ ખાણ–ખનિજ વિભાગની ડીલ અને મળતીયાપણા ભરી નીતિને લઈ આવા ખનિજ માફિયાઓ હવે બેફામ બન્યા છે. અગાઉ જે જીલ્લા ખાણ–ખનિજ વિભાગની ખોફ ખાતા હતા. તેવા ખનિજ માફિયાઓને દબડાવી રહયા છે. કાલોલ તાલુકામાંથી પસાર થતી ગોમા નદી ખનિજ માફિયાઓ માટે આવકનું ખૂબ મોટું સાધન બન્યું છે. અગાઉને રેતી નદીના પટમાંથી ઉલેચવામાં આવી રહી હતી. તેના સ્થાને નદી કિનારાના માલિકી સર્વે નંબર માંથી રેતી ખનન કરાઈ રહી છે. તેના વિરોધ પણ કરી શકે તેવી સ્થિતીમાં લોકો નથી તે હાલની કાલોલ પંથકની સ્થિતી છે. કાલોલ તાલુકાના ચલાલી ગામ નજીક આવેલ રોયણ ગામની ગામે નદી માંથી સફેદ રેતી ભરેલ ટ્રેકટર અને બાઈકને આગ લગાડીને સળગાવી દીધેલ હોય તેવા વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. તે કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓના આતંક અને ખોફની ગવાહી માટે પુરતો છે. તેમ છતાં ખાણ–ખનિજ વિભાગ પાંગળુ બનીને કાર્યવાહી કરવાથી બચી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 199

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા બગીચા રોડ તરફ આવેલ ફટાકડાવાળી લાઈનની

# પાંચ દુકાનોના માલિક દ્વારા તળાવના ભાગે ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરતાં પાલિકાએ નોટીસ આપી






ગોધરા,

ગોધરા શહેરા રામસાગર તળાવની ફરતે નગર પાલિકા શોપીંગ સેન્ટરની દુકાનો આવેલ છે. તળાવની ફરતે દુકાનોને કારણે તળાવની સુંદરતા લુપ્ત થવા પામી છે. હાલમાં રામસાગર તળાવની ફરતે હોળી ચકલા ચબુતરા તરફનો એકમાત્ર ભાગ ખુલ્લો રહેલ છે. આમ નગરની વચ્ચે આવેલ તળાવની શોભા આમ પણ ગુમાવી છે. દેશમાં એકમાત્ર ગોધરા શહેર એવું છે કે, શહેરની મધ્યમાં આવેલ જળાશય બંધીયાળ થયેલ છે. રાજ્ય સરકાર દ્વારા તળાવોની ફરતે બ્યુટીફિકેશનની કામગીરી કરીને નગરજનોને પ્રકૃતિ સાથે પગરવ માંડે તેવા પ્રયાસો કરાયા છે. તેમાં ગોધરાનું રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશન કરવાની યોજના છે. પરંતુ હાલમાં જાણે રામસાગર તળાવને દબાણકર્તાઓનું ગ્રહણ લાગ્યું હોય તેમ જણાય છે. બગીચાની સામે ફટાકડાની દુકાનોવાળી લાઈનમાં પાંચ દુકાનદારો દ્વારા નગર પાલિકા માંથી કોઈપણ જાતની મંજુરી વગર ગેરકાયદેસર રીતે તળાવની અંદરની તરફ વધારાનું દબાણ કરીને બાંધકામ કરવામાં આવી રહ્યું હોય જે પાલિકાની ધ્યાનમાં આવતાં પાલિકા ચીફ ઓફિસરદ્વારા પાંચ દુકાનદારોને નોટીસ આપીને બાંધકામ બંધ કરવામાં આવ્યું છે.

ગોધરા શહેરની મધ્યમાં રામસાગર તળાવ આવેલ છે. તળાવને લઈ શહેરની સુંદરતાને ચાર ચાંદ લાગતા હતા. પરંતુ ગોધરા નગર પાલિકાના તત્કાલીન સત્તાધિશો દ્વારા કોઈપણ જાતના આગોતરી ગણતરી વગર તળાવની ફરતે શોપીંગ સેન્ટર બાંધી દેવામાં આવ્યા હતા. તળાવની ફરતે શોપીંગ સેન્ટર બંધાઈ જતા તળાવા ચારે તરફ થી મોટાભાગે બંધીયાળ થઈ ગયેલ છે. રામસાગર તળાવની ફરતે માત્ર મોળી ચકલા ચબુતરા પાસેનો ભાગ ખુલ્લો રહ્યો છે.

ગોધરા નગર પાલિકા દ્વારા જેતે સમયે ૧૦ બાય ૨૦ની લંબાઈ -પહોળાઈની દુકાનો બાંધવામાં આવી હતી. પરંતુ જે તે સમયે પાલિકાના સત્તાધિશો દ્વારા વિકાસ ફાળાના નામે નજીવી રકમ લઈને પાલિકાના શોપીંગ સેન્ટરમાં તળાવની અંદરના ભાગે દુકાનની લંબાઈ વધારવાની મંજુરી આપી દેવામાં આવી હતી. જેને લઈ તળાવની અંદરના ભાગે પણ દબાણ ઉભા કરીને તળાવનો ઘેરાવો ઓછો કરી દેવામાં આવ્યો છે. દેશમાં એકમાત્ર ગોધરા શહેરનું જળાશય એવું છે. જેની ફરતે પાકા બાંધકામ થયેલ છે. હાલ તળાવને ચારે તરફથી ઢાંકી દેવામાં આવ્યું છે. તે ઓછું હોય તેમ પાલિકા શોપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા દુકાનદારો પોતાની ભુખ ઓછી થતી હોય તેમ લાગતી નથી અને દુકાનોની લંબાઈ વધારવા માટે તળાવની અંદરની તરફ ગેરકાયદેસર રીતે દબાણ કરીને બાંધકામ કરવામાં આવે છે. અત્યાર સુધી પાલિકા સત્તાધિશોની જાણમાં નજીવા વિકાસ ફાળો લઈને દુકાનોની લંબાઈ વધારવા મંજુર આપી દેવામાં આવી અને હાલમાં પાલિકા શોપીંગ સેન્ટરની મોટાભાગની દુકાનોમાં તળાવના ભાગે ગેરકાયદેસર દબાણ ઉભા કરીને બાંધકામ કરી દેવામાં આવ્યા છે.

હાલમાં ગોધરા બગીચા સામે આવેલ ફટાકાડાની દુકાનો ધરાવતી લાઈનમાં આવેલ પાંચ જેટલી દુકાનોના દુકાનદારો દ્વારા પાલિકા તંત્રની જાણ બહાર રાતોરાત દુકાનને લાંબી કરવાનું આયોજન કર્યું હતું અને તળાવની અંદરના ભાગે ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. પાલિકાના શોપીંગ સેન્ટરમાં દુકાનો ધરાવતા પાંચ દુકાનદારો દ્વારા પાલિકા માંથી કોઈપણ જાતની મંજુરી કે પરવાનગી લેવામાં આવી ન હતી અને ગેરકાયદેસર રીતે બાંધ કરવામાં આવી રહ્યું હતું. દુકાનદારોને જાણ કાયદા અને નીતિ નિયમોનો ભય રહ્યો ન હોય લાગી રહ્યું છે. પાલિકા વિભાગની જાણ બહાર પાંચ દુકાનદારો દ્વારા દુકાનના તળાવ તરફના ભાગે પાલિકાની મંજુરી વગર ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવ્યુંઃ છે. તે

### પાલિકા શોપીંગ સેન્ટરમાં પાંચ દુકાનદારો દ્વારા કરાયેલા ગેરકાયદેસર બાંધકામ દુર કરીને મૂળ સ્થિતીમાં લવાશે ?

ગોધરા બગીચા સામે આવેલ ફટાકડાની દુકાનો ધરાવતી લાઈનવાળા શોપીંગ સેન્ટરમાં આવેલ પાંચ દુકાનના દુકાનદારો દ્વારા પાલિકા તંત્રની મંજુરી વગર તળાવના અંદરના ભાગે દબાણ કરીને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું છે. બગીચા રોડ ઉપરના પાલિક શોપીંગ સેન્ટરમાં પાંચ દુકાનો ધરાવતા દુકાનદારો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું છે. તેવું પાલિકા સત્તાધિશોની ધ્યાને આવતાં પાલિકા ચીફ ઓફિસર દ્વારા આવા ગેરકાયદેસર દુકાનદારોને નોટીસ આપવામાં આવી છે. પરંતુ માત્ર આવા ગેરકાયદેસર રીતે દબાણકર્તા દુકાનદારોને નોટીસ આપી દેવાથી કામ પૂર્ણ થતું નથી. હવે પાલિકા તંત્ર બગીચા રોડ શોપીંગ સેન્ટરમાં ફટાકડાવાળી લાઈનમાં જે પાંચ દુકાનોમાં ગેરકાયદેસર બાંધકામ ઉભું કરવામાં આવ્યું છે. તેને તોડવામાં આવે તેમજ મૂળ સ્થિતીમાં લાવવામાં આવશે ખરી કે માત્ર દેખાવ પુરતી નોટીસ આપીને ખો આપવામાં આવી રહી છે. તે આવનાર દિવસોમાં સામે આવશે.

### દેશમાં એક માત્ર ગોધરા શહેર તળાવ ચારે તરફ થી પાકા બાંધકામ થી ઘેરાયેલું

### પાલિકાના તત્કાલીન સત્તાધિશોને દુકાનદારોએ વિકાસ ફાળો આપ્યો હોવાની વાતો....

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવ દેશમાં એકમાત્ર તળાવ હશે જે ચારે તરફ પાકા બાંધકામ થી ઘેરાયેલું છે. રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં આવેલ જળાશયોની ફરતે બ્યુટીફિકેશનની કામગીરી કરવા માટે લાખો રૂપીયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. તેમાં ગોધરા રામસાગર તળાવનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ ગોધરા નગરજનોની કમનસીબી સમજો કે પાલિકામાં બેઠેલા સત્તાધિશો દ્વારા શહેરની સુંદરતા કે તળાવને જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યા નથી. પરંતુ વખતોવખત બદલાતા રહેતા પાલિકાના સત્તાધિશો દ્વારા પાલિકામાં નજીવો વિકાસ ફાળો રેકર્ડ ઉપર જમા લઈને પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારોને તળાવની અંદરના ભાગે પુરણ કરીને ગેરકાયદેસર દબાણો કરવાની સંમતિ આપી દેવામાં આવી હતી. જેને લઈ તળાવની ફરતે આવેલ મોટાભાગની દુકાનો નિયત લંબાઈ-પહોળાઈ કરતાં વધારે લાંબી થયેલ જોવા મળે છે. જો જે તે સમયે પાલિકા સત્તાધિશો દ્વારા દુકાનોની લંબાઈ વધારવાની મંજુરી આપવામાં આવી ન હોત તો આજે રામસાગર તળાવની ફરતે બ્યુટીફિકેશનની કામગીરી આરંભી દેવામાં આવી હોત પરંતુ હવે પાલિકા સત્તાધિશો તળાવની ફરતે બ્યુટીફિકેશન કામગીરી કરવા માટે જે દુકાનોની લંબાઈ વધારવા છુટ અપાઈને હટાવવી પડે તેને લઈ તળાવની ફરતે બ્યુટીફિકેશનની કામગીરી શરૂ થતાં પહેલા આટોપી લેવામાં આવી હતી અને હજુ પણ પાલિકા શોપીંગ સેન્ટરના દુકાનદારો તળાવના ભાગે દુકાનોની લંબાઈ વધારીને બાંધકામ કરી રહ્યા છે.

પાલિકા સત્તાધિશોના ધ્યાનમાં આવતાં નોટીસ આપીને બાંધકામ બંધ કરવાનો આદેશ કર્યો છે. પાલિકા સત્તાધિશો હાલ જે પાંચ દુકાનોમાં દુકાનદારો દ્વારા જે ગેરકાયદેસર રીતે દબાણ કરીને બાંધકામ કરવામાં આવ્યું છે. તેને દુર કરીને મૂળ સ્થિતીમાં લાવવામાં આવે તો પાલિકા સત્તાધિશો આવા ગેરકાયદેસર દબાણોને પ્રોત્સાહન આપતા નથી તેવા નગરજનોમાં સંદેશ જશે તેમજ હાલમાં સત્તાધારી પાલિકા શાસનકર્તાઓની કાર્ય પ્રણાલીને નગરજનો સહકાર પ્રાપ્ત ચોકકસ થઈ શકે છે.

# પંચમહાલ જીલ્લામાં આજે કોરોનાના ૭૫ પોઝીટીવ કેસ




### - ગોધરા-૪૩, હાલોલ-૮.
### - મૃત્યુ આંક-૧.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિએ ઉછાળો જોવા મળી રહ્યો છે. જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થાય તેમ લાગી રહ્યું છે. જીલ્લામાં આજરોજ ૭૫ જેટલા પોઝીટીવ કેસ નોંધાવ પામ્યા છે. તેમાં શહેરી વિસ્તારમાં ૫૩ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. કોરોના સંક્રમણને લઈ ૧ વ્યકિતનું મોત નિપજાવા પામ્યું છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના રોકેટ ગતિથી આગળ વધી રહ્યો છે. જીલ્લામાં કોરોના મહામારીની બીજી લહેરમાં ઝડપ થી સંક્રમણ વધી રહ્યું છે. તેમાં પણ કોરોનાના બીજા સ્ટ્રેનમાં મૃત્યઆંક પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. તે આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. કોરોના મહામારીને લોકો ગંભીરતાથી લઈ રહ્યા નથી. માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન પણ કરતા જોવા મળતા નથી. તેમાં પણ હાલ પંચમહાલ જીલ્લામાં લગ્નસરાની મોસમપુર બહારમાં જામી છે. તે પણ સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં કોરોના ગાઈડ લાઈનની અમલવારી લોકો એ ટાળી હતી અને કોરોના ચાલ્યો ગયો હોય તે રીતે વર્તતા જોવા મળ્યા હતા. પરિણામ સ્વરૂપ કોરોના એ અજગરી ભરડો લીધો છે અને કોરોના સંક્રમણ જલ્દી થી લોકોને પોતાના સકંજામાં લઈ રહ્યું છે. ગુજરાત રાજ્યમાં કોરોના સ્થિતી ખૂબ ભયાવહ થતી જોવા મળી છે. મહાનગરોમાં કોરોના મહામારીમાં જે પ્રમાણ મૃત્યુઆંક સામે આવી રહ્યા છે. તે જોતાં લોકો કોરોનાને ગંભીરતાથી લેવા જોઈએ અને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે રીતે વર્તતા શીખવું જરૂરી છે. મહાનગરોની માફક પંચમહાલ જીલ્લામાં પણ પ્રતિદિન કોરોના કેસ રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. તે જોતાં લોકો કામવગર બહાર નહી નીકળીને ઘરમાં રહે અને પોતે તેમજ પરિવારને સુરક્ષીત રાખે તે જરૂરી છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૭૫ કેસ નોંધાવા પામ્યા છે. ગોધરામાં-૪૩, હાલોલ-૮, શહેરા-૧ જયારે ગ્રામ્ય વિસ્તારોમા ગોધરા-૬,હાલોલ-૩, ઘોઘંબા-૪, શહેરા-૯,જાંબુઘોડા-૧ કેસ નોંધાયો છે. કોરોનામાં ૧ વ્યકિતનું મોત નિપજાવા પામ્યું છે. બીજા સ્ટ્રેનની કોરોના મહામારીમાં દર્દીઓ સાજા થવાની રીકવરી રેટ ઓછો જોવા મળી રહ્યો છે. આજરોજ ૩૩ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જેને લઈ વહીવટી તંત્ર આરોગ્ય વિભાગ ચિંતીત બન્યો છે. આવનાર દિવસોમાં કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો આવે તો આરોગ્ય સેવાઓ શરમાઈ ન જાય તે માટે આગોતરા આયોજનમાં લાગ્યા છે. રાજ્ય સરકાર અને જીલ્લા વહીવટી તંત્ર આરોગ્ય વિભાગ કોરોના મહામારી થી બચવા માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ અને વેકસીન લેવા ઉપર ભાર મૂકયો છે. તેને અનુલક્ષીને સરકારના પ્રયાસોને બળ પુરુ પાડીને સહકારી આપી શકીએ છીએ.

### પંચમહાલ જીલ્લામાં કોરોના સ્થિતી

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-૪૩ |
| હાલોલ-૮ |
| શહેરા-૧ |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા-૫ |
| હાલોલ-૩ |
| ઘોઘંબા-૪ |
| શહેરા-૯ |
| જાંબુઘોડા-૧ |
| સક્રિય કેસ-૪૫૧ |
| રજા અપાઈ - ૩૩ |
| મૃત્યુઆંક-૧ |

### ગોધરા તાલુકાના નદીસર ગામે ૪ કોરોના કેસ નોંધાયા

ગોધરા તાલુકા ના નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે અને ગઈ કાલે થયેલ કોરોના ટેસ્ટમાં વધુ ચાર વ્યક્તિ પોઝિટિવ આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વધતું સંક્રમણ ચિંતા નો વિષય બન્યો છે જોકે મોટા ભાગ ના દર્દી ઓને સ્થાનિક સ્તરે જ આરામ થઈ ગયો છે. જયારે કાકનપુર કોલેજ ના નિવૃત્ત આચાર્ય અને જાણીતા ગઝલ કાર રિષભ મહેતા નું કોરોના પોઝિટિવ આવ્યા બાદ વડોદરા ખાતે ખાનગી હોસ્પિટલ માં સારવાર દરમિયાન અવસાન થતા તેમના ચાહકો અને વિદ્યાર્થી ઓ એ શોક વ્યક્ત કર્યો હતો રાજકીય આગેવાનો એ પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. ગોધરા તાલુકાના પશ્ચિમના દરેક ગામમાં મળતા કેસના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે.


# ગોધરામાં નરસિમ્હાનંદજીની હત્યાના ધમકી આપવાના વિરોધમાં ઓવૈશી અને ઝાકીર નાઈકના પુતળાનું દહન કરે તે પહેલા કાર્યક્રમનના આયોજનની અટકાયત

ગોધરા,

ગોધરાના ગાંધી ચોક ખાતે અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના અદયક્ષ દ્વારા સંત નરસિમ્હાનંદજીને મારી નાખવાની ધમકી આપવામાં આવી હોય તેના વિરોધમાં ઓવૈશી અને ઝાકીર નાઈકના પુતળાના દહન કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો. તે પહેલા અધ્યક્ષને બી ડીવીઝન પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

ગોધરાના ગાંધી ચોક ખાતે આજરોજ અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના અદયક્ષ આશિષ પટેલ અને નિમેષ ભાટીયા દ્વારા સંત નરસિમ્હાનંદજીને મારી નાખવાની ધમકી આપવામાં આવી હોય આવી ધમકી આપનાર ઓવૈશી તથા ઝાકીર નાઈકના પુતળાનું દહનનો આયોજન કરાયું હતું. ૫.૩૦ વાગે પુતળા દહનનો કાર્યક્રમ યોજે તે પહેલા આશીષ પટેલ અને નિમેષ ભાટીયાની બી ડીવીઝન પોલીસ અટકાયત કરી હતી.

# મોરવા-હડફ પેટા ચૂંટણી માટે ચૂંટણી પંચની તૈયારી પૂર્ણ, આજે મતદાન



ગોધરા,

પંચમહાલ જિલ્લાની મોરવા-હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આવતીકાલ ૧૭ એપ્રિલના રોજ મતદાન યોજવા જઈ રહ્યું છે. આ બેઠક પર પેટા ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય એટલું જ નહીં, ચૂંટણી દરમિયાન કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરઅમિત અરોરાના જણાવ્યા મુજબ, મોરવા-હડફ બેઠકની પેટા ચૂંટણીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આજે મોરવા સ્થિત સરકારી કોલેજથી મતદાન મથકો ખાતે મતદાન સ્ટાફ સહિત મતદાન સામગ્રી રવાના કરવામાં આવી છે. મતદારો સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે.

આ બેઠક ઉપર ૧,૧૧,૨૮૬ પુરુષ, ૧,૦૭,૮૯૯ મહિલાઓ સહિત કુલ ૨,૧૯,૧૮૫ મતદારો નોંધાયા છે. જ્યારે, ૧૪૯ પુરુષ અને ૩ મહિલાઓ સહિત ૧૫૨ સેવા મતદારો નોંધાયેલા છે. સેવા મતદારોનું મતદાન પૂર્ણ થઈ ગયુ છે. મતદાન માટે ૩૨૯ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જે પૈકી ૭૫ મતદાન મથકો કોવિડની સ્થિતિને ધ્યાને રાખીને વધારવામાં આવ્યા છે. આ માટે જરૂરી EVM તથા વીવીપેટની ફાળવણી કરવામાં આવી છે.

મતદાન પ્રક્રીયામાં ૧,૬૪૫ ચૂંટણીકર્મીઓ મતદાન મથક ઉપર ફરજ બજાવશે. મતદારો માટે છાંયડો, પાણી, સેનિટાઇઝેશન, હાથ મોજા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન મથકો ઉપર આરોગ્યકર્મી પણ ફરજ બજાવશે.

આ પણ વાંચોઃ અમદાવાદઃ પાલડી સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે ૫૦ બેડનું કોવિડ સેન્ટર બનશે, અમિત ચાવડાએ કમિશનર પાસે માંગી મંજૂરી

તેમણે વધુમાં જણાવ્યું છે કે, આ બેઠક ઉપર ૯૦૦થી ૧૦૦૦ સુધી મતદારો ધરાવતા ૪૧ મતદાન મથકો, ૮૦૧થી ૯૦૦ મતદારો ધરાવતા ૩૮, ૭૦૧થી ૮૦૦ મતદારો ધરાવતા ૩૩, ૬૦૧થી ૭૦૦ મતદારો ધરાવતા ૫૮, ૫૦૧થી ૬૦૦ મતદારો ધરાવતા ૧૪૬, ૪૦૧થી ૫૦૦ મતદારો ધરાવતા ૯ મતદાન મથકો, ૩૦૧થી ૪૦૦ મતદારો ધરાવતા ૨ અને ૨૦૧થી ૩૦૦ મતદારો ધરાવતા ૨ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

મોરવા હડફ બેઠક ઉપર ૨૦૧૭ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૬૨.૨૨ ટકા, જ્યારે ૨૦૧૯ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ૬૦.૬૯ ટકા મતદાન થયું હતું.

## હાલોલમાં કોરોનાના વધતા કેસોને લઈ શાકમાર્કેટ બંધ કરવામા આવ્યુ


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ નગરમાં ગતરોજ એકજ દિવસ માં કોરોનાના ૫૬ કેસ પોઝેટીવ આવતા હાલોલ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત સાથે આજે હાલોલ નગર પાલીકા ના ચીફ ઓફિસર, પાલીકા પ્રમુખ સહીતની ટીમ શાકમાર્કેટમાં શાકભાજી ની લારીઓ ઉપર થતી ભીડ દૂર કરવા તમામ લારીઓ ખસેડી દેવામાં આવી હતી. તમામ શાકભાજીના વેપારીની પોતાની લારી એક જગ્યા એ ઉભી નહિ રાખી ફરતી લારી રાખી વેપાર કરવાનું સૂચના આપવામાં આવી હતી.પાલીકા દ્વારા એક સપ્તાહ પહેલા સ્વૈચ્છિક સાંજના ૬ થી સવારના ૬ વાગ્યા સુધી સંમતીથી દબાણ કર્યા વગર બંધ રાખવા સૂચન આપી હતી. શાકભાજી વાળાને પોતે માસ્ક પહેરવું એન ગ્રાહક ને પણ માસ્ક પહેરવા જણાવ્યું હોવા છતાં લોકો દરકાર કાર્ય વગર માસ્ક વગર ફરતા જોવા મળતા હતા સૂચના આપી હોવા છતાં પણ કોઈ ફેર ના પડતા છેલ્લા ઘણા દિવસ થી નગર સહીત તાલુકામાં કોરોનાના કેસમાં વધારો થતો હોવાથી આજે વહીવટી તંત્ર હરકતમાં આવી શાકમાર્કેટ આખું ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. અને તમામ લારી વાળાને પોતાની લારી ફરતી રાખવા જણાવ્યું હતું.

## ઘોઘંબા તાલુકાના રીંછવાણી પંચાયત દ્વારા ધંધા રોજગારનો સમય ૩ વાગ્યા સુધી કર્યો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેને જોતાં ઘોઘંબા તાલુકાના રીંછવાણી ગામના વેપારીઓ સાથે સંકલન ગોઠવીને પંચાયત દ્વારા દુકાનોના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. રાજ્યભરમાં કોરોના મહામારી એ ભરડો લીધો છે. તેમાં પંચમહાલ જીલ્લો પણ બાકાત રહ્યો નથી. જીલ્લામાં રોકેટ ગતિથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોના કેસ વધતા આરોગ્ય વિભાગ સહિત વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. અને કોરોના સંક્રમણને અટકાવવા માટે લોકોને માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે જાગૃતિ કેળવવામાં આવી રહી છે. ત્યારે ઘોઘંબા તાલુકાના રીંછવાણી પંચાયત દ્વારા કોરોના મહામારીના સંક્રમણને જોતાં વેપારીઓ સાથે મીટીંગ યોજીને ધંધા રોજગાર માટેના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સવાર થી બપોરના ૩ વાગ્યા સુધી દુકાનો ચાલુ રહેશે તેમાં પણ રવિવારના રોજ દુકાનો સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.